# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ

# વેબસાઈટ રચના માર્ગદર્શિકા

**પ્રેરક**

શ્રી એમ.ટી.શાહ
નિયામક
જી.સી.ઈ.આર.ટી.,
ગાંધીનગર

**માર્ગદર્શક**

ડૉ.એ.એમ.બરાસરા
પ્રાચાર્યા
જિ.શિ.અને તા.ભવન,
પાટણ

**સંકલન**

ડૉ.પી.આર.રાવલ
સિ.લેકચરર
જિ.શિ.અને તા.ભવન,
પાટણ

શ્રી ડી.આર.ઓઝા
લેકચરર
જિ.શિ.અને તા.ભવન,
પાટણ

**સહયોગ**

શ્રી મૌલિકભાઈ પટેલ – સી.આર.સી., ઝઝામ
શ્રી ગિરીશભાઈ ચૌધરી – તરસંગપુરા પ્રા.શાળા

**DISTRICT INSTITUTE OF EDUCATION & TRAINING, PATAN DIST-PATAN**

*Near Pitambar Talav, Patan. 384265*
*Office Contect No. (02766) 230961, 224053*
*www.dietpatan.org*
*diet_patan@yahoo.co.in*



## આમુખ

આજે સમગ્ર વિશ્વ ટેકનોલોજીના ક્ષેત્રે હરણફાળ ભરી રહયું છે, ત્યારે કોઈપણ વ્યકિતએ જો ચોકકસ દિશામાં વિકાસ સાધવો હશે તો ટેકનોલોજીને વિશેષ મહત્વ આપવું જ પડશે, તેમાં કોઈ બેમત નથી. શિક્ષણમાં પણ ટેકનોલોજીએ અભૂતપૂર્વ ક્રાન્તિ સર્જી છે. કમ્પ્યૂટરની એક કલીક દબાવતાં જ સમગ્ર વિશ્વ નજર સમક્ષ ખડું થઈ જાય છે. કમ્પ્યૂટરના માધ્યમથી ઉપયોગી માહિતી મેળવવા માટે ‘વેબસાઈટ’નું ખૂબ મહત્વ છે.

જીસીઈઆરટી, ગાંધીનગરની પ્રેરણાથી તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ ડાયટ– પાટણ ખાતે રાજયકક્ષાના એક દિવસીય ‘વેબસાઈટ અપગ્રેડેશન વર્કશોપ’નું આયોજન કરવામાં આવેલ છે. અમારા માટે આ એક અદકેરી કાર્યશાળા બની રહેશે. યજમાન સંસ્થા તરીકે ડાયટ– પાટણે પણ નજીકના ભૂતકાળમાં જિલ્લાની પ્રાથમિક શાળાઓ માટે અમલમાં મૂકેલ ‘વેબસાઈટ અને બ્લોગની રચના’નો નવતર પ્રયોગ ખૂબ આવકાર્ય બની રહયો છે.

ડાયટ–પાટણ ધ્વારા તૈયાર કરવામાં આવેલ આ માર્ગદર્શિકા શાળા કક્ષાએ શિક્ષકશ્રીઓને વેબસાઈટ રચના અને અપગ્રેડેશન સંદર્ભે ખૂબ ઉપયોગી બની છે અને આપને પણ ઉપયોગી બની રહેશે તેવી ખાત્રી છે. માર્ગદર્શિકામાં છેલ્લે મૂકેલ વેબસાઈટસની યાદી પણ આપને ચોકકસ કયાંક મદદરૂપ બનશે, તેવો વિશ્વાસ છે.

આવો, સૌ સાથે મળીને ટેકનોલોજી સાથે કદમથી કદમ મિલાવીએ.

શુભેચ્છા સહ...

સ્થળ : પાટણ

તારીખ : ૨૬/૦૨/૨૦૧૩

ડૉ. એ. એમ. બરાસરા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
પાટણ

શાળા કક્ષાએ ખુબજ સરળ રીતે તથા ખુબજ ઓછા ખર્ચે નાનકડી વેબસાઈટ કેમ બનાવી શકાય તે બાબત બધાને મુંજવતી હોય છે. તો આ મોડ્યુલ તમને વેબસાઈટ બનાવવાં ઉપયોગી થશે.

નીચેની સાઈટસ સરળ અને તદન મફત વેબસાઈટ બનાવવાની સગવડ આપે છે.કોઈપણ જાતના પ્રોગ્રામીંગ ના જાણકાર ના હોય એવા લોકો પણ સરળતાથી વેબસાઈટ બનાવી શકે છે.

(૧) **www.weebly.com** (૨) www.yola.com (3) www.wapka.mobi
(૪) www.webs.com


## www.weebly.com

- આ સાઈટ સરળરીતે વેબસાઈટ બનાવવાની ઉતમ સુવિધા પુરી પાડે છે. ૫ જીબી જ્ગ્યા તદન મફત આપે છે. આ સાઈટપર વેબસાઈટ બનાવી તમારી શાળાના નામનું ડોમેઈન નેમ ખરીદી www.yourschool.com પણ બનાવી શકો છો.જેની વિગતવાર ચર્ચા આગળ કરીશું. આ સાઈટ પર તમે ફેસબુકના આઈ ડી અને પાસવર્ડથી પણ લોગીન કરી શકો છો. બ્રાઉજરમાં weebly.com ઓપન કરતા આવું પેજ દેખાશે.







મિત્રો હવે તમે તમે જે નામની વેબસાઈટ બનાવી તે નામ સાથે weebly નું નામ જોડાશે. દા.ત. તમે patandiet નામની વેબસાઈટ બનાવી છે. તો patandiet.webbly.com આ તમારી વેબનું સરનામું બનશે. તમારી વેબસાઈટને publish કર્યા પછી તમે આ સરનામાંથી તમારી વેબસાઈટને ઓપન કરી શકશો











ELEMENTS પર કલીક કરતા basic,multimedia,revenue,more મેનુ ઓપન તેમાથી જે વસ્તુ વેબપેજમાં મુકવી છે તે Element ને માઉસ વડે પકડી નીચે ખાલી જગ્યામાં મુકી દો ત્યારબાદ તેને એડીટ કરી તેમા સુધારા વધારા કરી શકાશે.

અહી title element ને ખેંચીને નીચે મુકી તેના પર કલીક કરતાં તે ટેક્સ્ટ ને એડીટ કરી શકાય છે તેનો કલર પણ બદલી શકાય છે.





આ રીતે જે વસ્તુ વેબ પર મુકવી હોય તે વસ્તુનું element ડ્રેગ કરી મુકી શકાય છે




## ➕ [www.wapka.mobi](http://www.wapka.mobi)


આ વેબસાઈટ બનાવવા માટેની સરળ અને સારી સગવડ આપે છે. આ સાઈટપર ઈન્ટરનેટની ઓછી સ્પીડવાળા કનેકશનથી પણ સરળતાથી અને ઝડપી એડીટીંગ કરી શકાય છે અને કોઈ પણ ડોમેઈનની કંટ્રોલ પેનલમાં dns સેટ કરી www.yoursite.com પણ બનાવી શકાય છે. મોબાઈલથી પણ એડીટીંગ કરી શકાય છે. બ્રાઉઝરમાં www.wapka.mobi ઓપન કરો.








તમારી વેબસાઈટનું નામ અને પાસવર્ડ યાદ રાખજો લોગીન કરવા જરૂર પડશે.




-હવે admin modeમાં જાઓ અહી edit site લખેલ આવશે તેનાપર કલીક કરો. સૌ પ્રથમ આપણે મોબાઈલનો લોગો દુર કરીશુ.




હવે એક નવું પેજ ઓપન થશે તેમા other પર કલીક કરો. એટલે ફરી એક નીચે. મુજબનુ નવુ પેજ ખુલશે. જેમા નેચીના પેજ મુજબ સેટીંગ કરો





''1 Minute can't change your life,
The Utilization of every 1 minute will definitely change your life''
-Ratan Tata

હવે મોબાઈલનો લોગો દુર થઈ જશે.હવે edit siteમાં જાઓ ત્યા આવું પેજ દેખાશે.




મિત્રો wapka માં દરેક પેજ સાઈટ આઈ ડી થી ઓળખાય છે દરેક પેજનું અલગ અલગ આઈ ડી હશે જે એ admin mode માં નીચે દેખાશે હોમપેજ નુ આઈ ડી 0 છે.






si

te Id ની પાછળ >> પર કલીક કરતા જે સાઈટમાં એડીટીંગ કરવું હોય તે સાઈટમાં જઈ

એડીટીંગ કરી શકાય છે. Admin modeમાં સાઈટના નામ ઉપરથી તે સાઈટ ઓપન કરી એડીટીંગ કરી શકાય છે.

cooltext.com જેવી સાઈટસ પર બટન બનાવી લીંક ની જગ્યાએ રંગ બેરંગી બટનનો ઉપયોગ પણ કરી શકાય છે.

ઉપરાંત અન્ય સાઈટ પાસેથી સ્પેશ પન મેળવી શકાય છે. દરેક વિઝીટે ૫ કે.બી જગ્યા ફાઈલ મેનેજરમાં ઉમેરાય છે.

**મંથન...**

એક રેલગાડી માત્ર દોડતી જ રહે તેટલું પૂરતું નથી. એણે કયાંક પહોંચવા માટે દોડવું રહયું. કંઈક આ જ અર્થમાં કોઈ યુનિવર્સિટી કે નિશાળ વર્ષોથી ચાલ્યાં કરે તેથી કોઈ શુકકરવાળ વળે તેવું ચોકકસપણે કહી શકાય નહીં. ગામમાં દવાખાનું છે એ આશ્વાસન જેવું તેવું નથી પરંતુ તેના હોવા માત્રથી ગામમાં આરોગ્યની ખાતરી નથી મળી જતી. બંબાખાનું આગના જોખમ વખતે કામ લાગે તેવી અપેક્ષા જરૂર રહે પરંતુ તેના હોવાને કારણે આગ સામેના સંપૂર્ણ રક્ષણની ખાતરી અપોઆપ નથી મળતી. કયારેક બંબાખાનામાં પણ આગ લાગી શકે છે. કયારેક એમ્બ્યુલન્સને પણ અકસ્માત નડી શકે છે. એવા અરીસા પણ હોય છે જેમાં પ્રતિબિંબ પડતાં નથી. આવી વાતો કરવી એમાં અરીસા પ્રત્યેનો અનાદર નથી પરંતુ અરીસાના અસ્થિત્વને અર્થપૂર્ણ બનાવવા માટેની તાલાવેલી રહેલી છે.

આજ તર્કનો વિસ્તાર કરીએ તો પૂછવું પડે કે : ‘નિશાળ’નું અસ્તિત્વ અર્થપૂર્ણ કયારે બને ? વર્ષોથી એ ચાલતી રહી છે અને વર્ષોથી બિચારા બાળકો એમાં દાખલ થતાં રહયાં છે. હાજરી પુરાતી રહી છે, તાસ લેવાતાં રહયાં છે, ઘંટ વાગતો રહયો છે, પરીક્ષાઓ લેવાતી રહી છે અને પરિણામો જાહેર થતાં રહયાં છે. આવા ક્રિયાકાંડો નિશાળના અસ્તિત્વના સાર્થકયની ગેરંટી નથી આપતા. કયારેક આવું ચાલતું રહે તોયે ‘નિશાળ’ નામની ઘટના મરી પરવારી હોય એવું ન બને ?

સાભાર ‘સ્વ. હરભાઈ ત્રિવેદી સ્મારક વ્યાખ્યાન’માંથી

– ડો. ગુણવંત શાહ

# ડોમેઈન સેટ કરવું

Weebly અને wapka આ બનેમાં તમે પોતાનું ડોમેઈન ખરીદીને સેટ કરી શકો છો. અને તમારી વેબસાઈટને www.yoursite.com/org/net/.in બનાવી શકો છો. આ સાથે તમે તમારી સાઈટનું ઈમેલ you@yoursite.com મેળવી તેના પર ઈમેલ મેળવી અને મોકલી શકો છો. આ ડોમેઈન અને ઈમેલ સેવા કોઈપણ ડોમેઈન રજીસ્ટાર પાસેથી તમે ખરીદી શકો છો જેમાં વાર્ષિક અથવાતો માસીક ભાડું ચુકવવાનું હોય છે.

તો આવીજ ડોમેઈનની સસ્તી સેવા પુરી પાડતા ડોમેઈન રજીસ્ટાર www.bigrock.in પર ડોમેઈન ખરીદી DNS કેવીરીતે સેટ કરાય તે જાણીએ.

Bigrock.in સાઈટ ખોલો


જે નામનું ડોમેઈન ખરીદવું છે એ ડોમેઈન લખી .com .org જે જોઈએ તે સીલેક્ટ કરો

-domain available હોય તો એડ કરો ના હોય તો ફરી બીજુ સર્ચ કરો.

-એને cartમાં એડ કરી **No Thanks,** proceed to checkout » પર કલીક કરો.


-હવે કેટલા પૈસા ચુકવવાના છે તે બતાવશે. Bigrock નુ એકાઉન્ટ હોય તો લોગીન કરો નાહોયતો નવુ એકાઉન્ટ બનાવી લો.

-ડોમેઈનનો ચાર્જ તમે તમારા ATM દ્વારા ઓનલાઈન ચુકવી શકો છો જે તમારા બેંકખાતામાંથી કપાઈ જશે.



ડોમીઈન ખરીદ્યા બાદ manage.bigrock.in ઓપન કરી મેઈલ આઈડી પાસવર્ડ નાખી કસ્ટમર લોગીન સીલેકટ કરી લોગીન કરો.

લોગીન થયા બાદ ત્યાં તમારુ ડોમીઈન નેમ દેખાશે. તેનાપર કલીક કરો એટલે તમારા ડોમેઈનની કંટ્રોલ પેનલ ઓપન થઈ જશે.





-

- હવે જો wapka પર સાઈટ બનાવી હોય તો bigrockના name servers કાઢી નાખો અને.


**Name Server 1 - ns1.wapka.mobi**
**Name Server 2- ns2.wapka.mobi**
**Name Server 3-** ખાલી છોડી દો

-અપડેટ નેમ સર્વર પર કલીક કરી અપડેટ કરો. -ત્યા dns error બતાવશે પણ તેની ચિંતા ના કરશો.


bigrock સિવાય કોઈપણ dns સેટ કરો તો એરર આવશેજ.



હવે www.wapka.mobi પર લોગીન કરી setting માં જાઓ અને ત્યાં Own Domain: માં જઈ તમારુ ડોમેઈન www સિવાય દા.ત. shixan.in લખી set own domain પર ક્લીક કરી દો. Dns સેટ થવાં માં ૪૮કલાક સુધીનો સમય લાગી શકે છે. અહી સબ ડોમેઈન પણ સેટ કરી શકો છો.




જેમકે સાઈટ આઈડી ૨ નુ સબ ડોમેઈન help સેટ કરો તો help.yoursite.com ઓપન કરતા સાઈટ ૨ ડાયરેક્ટ ઓપન થઈ જશે




**<u>જો તમે weebly માં વેબસાઈટ તૈયાર કરી હોય તો</u>** આગળ બતાવ્યા મુજબ

-. બ્રાઉજરમાં જઈ weebly.કોમ્ ઓપનકરી લોગીન કરો.

-ત્યાં settingમાં જઈ genral setting માં જાઓ.

અને change site address પર કલીક કરો




હવે નીચે મુજબ પેજ ઓપન થશે તેમા **Use a Domain You Already Own** સીલેક્ટ કરી તમારા ડોમેઈનનું નામ આપો continue પર કલીક કરો




- હવે બીજી વિન્ડો ઓપન કરી bigrockની કંટ્રોલ પેનલમાં જઈ તમારા ડોમેઈન પર કલીક કરો.

-ત્યાં **dns management** માં **manage dns** પર કલીક કરો






**A RECORDS WEEBLY** માં આપેલ સુચના મુજબ એડ કરો

**Host**માં પ્રથમમાં * અને બીજામાં **www** એડ કરો.


બસ હવે ૪૮ કલાકમાં તમારુ ડોમેઈન કામ કરતુ થઈ જશે.

અગર પ્રોબલેમ થાય તો **bigrock** હેલ્પલાઈન **02230797979** પર કોલ કરી સહાયતા મેળવી શકો છો.


## તમારી વેબસાઈટનું મેઈલ આઈડી મેળવો.

જો તમે bigrockનું ડોમેઈન ખરીદો છો તો ૨ મેઈલ આઈડી મફત આપે છે.


-bigrockની કંટ્રોલ પેનલ ખોલી MANAGE EMAIL પર કલીક કરો.



હવે બીજું પેજ ખુલશે તેમાં add/mail માં જઈ add user પર કલીક કરો.




અહી આપેલ ફ્રોર્મ ભરી તમારુ મેઈલ આઈડી બનાવી દો.




આ સેટીંગને પ્રિન્ટ કરીલો.

us2.webmail.mailhostbox.com આ લીંક બ્રાઉજરમાં ઓપન કરી તમારુ ઈમેલ અને પાસવર્ડ નાખી લોગીન કરી તમારુ ઈમેલ એકાઉન્ટ એકસેસ કરી શકશો.

Thank You...